

March 2024 | Issue No. 52 | A monthly newsletter

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

PRABHAT
EDUCATION FOUNDATION

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે. - પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ

પ્રભાત એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.



https://www.youtube.com/channel/UCe1oxuBWMDvyCRk2EPzzjlA

www.prabhateducationfoundation.org

https://www.facebook.com/Prabhateducationfoundation/

https://www.instagram.com/prabhat_education_foundation/

# માતા માટે બાળકના વિકાસની પ્રગતિ તેની હિમ્મતને ટકાવી રાખનાર કારણ બનતું હોય છે.

મુશ્કેલ પરિસ્થિતિથી નાસીપાસ થવાને બદલે જયારે તેમાં આપણે શું કરી શકીએ ? એવી જો મક્કમતા આવી જાય તો ચોક્કસ પરિસ્થિતિને ભલે બિલકુલ દુર ન કરી શકીએ પણ એને હળવી તો કરી જ શકીએ. અને એમાય જો કોઈ માતા ને આ પડકાર પોતાના બાળક માટે હોય તો કહેવું જ શું ? તે ક્યારેય ‘ હાર ‘ નથી માનતી. એવા જ એક માતાની વાત અહી કરવી છે. ગ્યાન્તી દેવી પ્રજાપતિની. તેમનું બાળક રાહુલ. જે એમનું સૌથી નાનું સંતાન છે. જન્મથી જ રાહુલ અંધત્વ અને મગજનો લકવો એમ બહુ વિકલાંગતા ધરાવે છે. કમરથી નીચેના શરીરનો ભાગ બિલકુલ તેનું નિસ્તેજ છે. અને બંને આંખો જ નથી.પ્રાથમિક તપાસ અને સારવાર થતા ઘરે તેની સંભાળ લેવામાં આવતી.આર્થિક રીતે પણ ખુબ નબળી સ્થિતિ હોવાથી કોઈ વિશેષ તેની સારવાર કરવી એમના માટે મુશ્કેલ હતી. આ સ્થિતિ સાથે સમય પસાર થવા લાગ્યો અને ચાર વર્ષનો થયો.

આ સમય દરમ્યાન પ્રભાતની સી.બી.આર. (સમુદાય આધારીત પુન:વસન) ટીમ સાથે સર્વે કરતા સંપર્ક થયો અને ત્યારેથી તે હોમ બેઝ કાર્યક્રમમાં જોડીને પ્રભાતના પરિવારનો એક ભાગ બન્યો. એ સમયે તે બેસી શકતો ન હતો, બોલી શકતો નતો,ગ્રીપ ન હોવાથી કોઈ પણ વસ્તુ ને તે પકડી શકતો ન હતો. તેને જમવામાં પણ મુશ્કેલી હતી. આ બધું જોઇને તેના માટે આયોજન કરવામાં આવ્યું. જેમાં તેને ઘરે જ ગ્રીપ એક્ટીવીટી, સ્પીચ થેરાપી, ફીઝીયોથેરાપી, સેન્સરી માટેની પ્રવૃતિઓ કરાવવામાં આવી. ચોક્કસ આ સમય માંગી લે તેવું હતું પણ ન તો પ્રભાતની ટીમ હાર માને એવી હતી કે ન તેની માતા થાકે એવી.

પ્રભાત જે બાળકો તીવ્ર વિકલાંગતા ધરાવે છે અને સેન્ટર સુધી આવી શકાય તેવી સ્થિતિ નથી. ત્યારે ‘હોમ બેઝ કાર્યક્રમ’ની શરૂઆત કરી છે. અને ઘરે જ બાળકને જરૂરી થેરાપી અને દૈનિક જીવન જરૂરી જીવવા માટેની કુશળતા વિકસિત થાય તે માટે પ્રવૃત્તિ કરાવવામાં આવે છે. અને રાહુલ પણ આ જ કાર્યક્રમનો હિસ્સો બન્યો હતો.

બસ બંને તરફથી આ પ્રક્રિયા થવા લાગી. 6 વર્ષ જેટલો સમય આ સફરને થયો છે. હજી પણ નિરંતર તેના માટેના પ્રયાસો થઇ રહ્યા છે. અને આજે રાહુલ સ્વતંત્ર બેસી શકે છે, અન્યના ટેકાથી તે ઉભો રહી શકે છે. મમ્મી,પપ્પા, ભૈયા જેવા શબ્દો બોલતો થયો છે. સ્પર્શ કરીને વસ્તુની ઓળખ કરી શકે છે.વસ્તુને પકડવાની ગ્રીપ આવતા તેની સાથે તે પ્રવૃત્તિ પણ કરે છે. તેને અને આ બધા માટે સૌથી વધારે ખુશ હોય તો તેની માતા છે. ઘરની આર્થિક જવાબદારી પણ તેમના માથે છે. આ માટે તેઓ ખાખરા બનાવવાનું કામ કરે છે. ઘરની બહાર કામની જવાબદારી હોવા છતાં પણ રાહુલ માટે તે ખુબ જ સક્રિય છે. હવે તો સેન્ટર પર ફીઝીયોથેરાપી માટે લઇ આવે છે અને પ્રભાતની કોઈ પણ ઇવેન્ટમાં તેમની હાજરી આપ ચોક્કસ જોઈએ છીએ.

રાહુલને સાચવવાની જવાબદારી મોટા ભાઈઓ ભવિષ્યમાં રાખે તે માટે હમણાથી જ તેમના ઉછેરમાં એ મુલ્યો રોપ્યા છે. જેને પરિણામે મોટા ભાઈઓ માતાની ગેરહાજરીમાં તેની સંભાળ રાખે છે. આમ, રાહુલના ભવિષ્યમાં તેને ભાઈઓનો ટેકો મળી રહે તો એમને નિશ્ચિંતતા રહે એ માટે તેમના બાળકોને તૈયાર કરી રહ્યા છે. ઘર, બાળકોની સંભાળ અને રાહુલની સંભાળ એમ દરેક સાથે તાલમેલ તેઓ બેસાડે છે. ઘણીવાર તેમની કામની જગ્યા પર પણ રાહુલને લઇ જવું પડે છે. અને આ માટે તેમને એ પરવાનગી પણ મળે છે જે ચોક્કસ એમને ટેકારૂપ બને છે.

તેમના ચહેરા પર ન થાક કે ન કોઈ ઉદાસી જોવા મળે. તે રાહુલ માટે સતત ચિતાશીલ અને કાર્યશીલ એમ બંને રીતે રહે છે. જે રીતે રાહુલની સ્થિતિમાં થોડો ઘણો વિકાસ થાય છે એને હંમેશા ઉર્જા આપનાર બને છે. તે ખુશ છે કે જે બાળક બેસી નતો શકતો તેની આજે સ્થિતિ બદલી છે.

ચોક્કસ ખબર છે કે પૂર્ણ સફળતા સુધી કદાચ નહિ પહોંચી શકીએ પણ આમ છતાંય પ્રયાસો કરતા ન અટકવું જોઈએ એવી સમજ આપણ ને ગ્યાન્તી દેવી પાસેથી શીખ મળે છે.

**તૈયાર કરનાર :નમ્રતાબેન – હોમ બેઝ કાર્યક્રમ**







# મંથલી અપડેટ

**અનંત નેશનલ યુનિવર્સીટી : સંકલનથી સહભાગીદારી સુધી :**

પ્રભાત વિકલાંગતાને લઇને સમુદાયમાં સમાવેશી દ્રષ્ટિકોણ વિકસિત થાય તે માટે વિવિધ હિતધારકો સાથે સંકલન કરે છે. અને જયારે આ સંકલનમાં એકસમાન વિચારધારા અને સંભાવનાઓ દેખાય છે તો તે તકને અવસરમાં પરિવર્તિત કરવામાં આવે છે. એવી જ એક અદ્દ્ભુત સહભાગીદારીની શરૂઆત અનંત યુનિવર્સીટી સાથે થઇ છે. તેમની સાથે પ્રાથમિક સ્તરના સંવાદ , મુલાકાત અને ' ચાહત કી ઉડાન ' દસ્તાવેજીકરણ ફિલ્મ નિર્માણ બાદ આ સંકલન ભાગીદારી સાથે કાર્ય કરવાનું નક્કી કરેલ છે. જેના માટે સમજુતી કરાર કરવામાં આવ્યું છે.

આ ભાગીદારી એક એવા ડીઝાઇન ક્ષેત્રમાં જોડાયેલ યુવા પેઢીને સમાવેશી દ્રષ્ટિકોણ મળશે. અને દરેક વ્યક્તિ સુધી બનાવવામાં આવેલ સુવિધા કે પ્રોડક્ટ સુધી પહોચ હશે એવું લક્ષ્ય છે. અહી બંને તરફથી નવું શીખવાની પ્રક્રિયા એક સુંદર પરિણામ સુધી લઇ જશે એવું લાગે છે.

સમજુતી કરાર બાદ, યુનિવર્સીટી વિધાર્થીઓ દ્વારા પ્રભાત સંસ્થા ના સેન્ટર અને ઓફીસ ની મુલાકાત કરીને ઊંડાણપૂર્વક આપના બાળકોને આવતા પ્રશ્નો અને પ્રભાત જયારે એમની સાથે જોડાયેલ છે. તો ક્યાં પ્રકારના પડકારો આવી રહ્યા છે તેની સમજ મેળવી હતી.

**કાર્યશાળા :** SVP (social venture partners) દ્વારા આયોજિત કાર્યશાળામાં આજના સંદર્ભમાં વિશ્વને ત્રણ 'P' (પ્રેકટીશ, પાર્ટનરશીપ અને પોલીસી ) દ્વારા વિશ્લેષણ કરવા સહભાગીઓ સાથે પ્રક્રિયા કરવામાં આવી. આ માટે નિદાન કઈ રીતે કરવું તેની શીખ પરથી સહભાગીદારીની શી જરૂરિયાત હોય તે વિષય પર ચર્ચા કરવામાં આવી. કાર્યશાળાનું ફેસીલીટેશન શ્રી ગગન શેઠી દ્વારા કરવામાં આવ્યું હતું. જે ખુબ જ શીખ અને અર્થસભર રહ્યું હતું.

દસરા ફિલાનથ્રોપી વીક એ 29 મી ફેબ્રુઆરી થી ૩ માર્ચ સુધી આયોજિત હતું. અમદાવાદ થી બીજા તબક્કા માટે મુંબઇ મધ્યે શરુ રહ્યું હતું. જેમાં નીચે મુજબ ના વિષયો પર કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ. 1. ટ્રાન્સટીઓનીંગ ટુ વર્ડસ સસ્ટેનેબલ લાઇવલીહુડ. 2.કોલોબ્રેટીવ્સ એન્ડ થ પ્રોમીસ ઓફ નોન લાઈનર ઈમ્પેક્ટ 3.કન્વેઈંગ મેસેજ ફોર થ કલાઈમેટ 4. અનલોકીંગ ફાઈનાન્સ ફોર નેચર બેઝ્ડ સોલ્યુશનસ 5. રી ઈન્વેન્ટીગ ફિલાનથ્રોપી

**ઇન્ટર્નશીપ :**અમદાવાદ યુનિવર્સીટીના વોલીયન્ટીઅર પોગ્રામમાં સહભાગી : દર વર્ષે અમદાવાદ યુનિવર્સીટી થી વિધાર્થીઓ ઇન્ટર્નશીપ માટે આવે છે. અને આ ઇન્ટર્નશીપમાં તેઓ ૩૦ કલાક સંસ્થાને આપે છે. જે દરમ્યાન તેઓ પ્રભાત સાથેના કાર્યક્રમ માં જોડાઇ જાય છે. આ પ્રક્રિયામાં વિધાર્થીઓને એમના રસ મુજબ સંસ્થાની પસંદગી કરવાની પ્રક્રિયા હતી. જેમાં યુનિવર્સીટીમાં આમંત્રિત સંસ્થાઓ પોતાની સંસ્થાનો સ્ટોલ મુકે છે અને અહી વિધાર્થીઓ સંસ્થા વિષે સમજે છે. આમ, આ કાર્યક્રમ વિધાર્થી અને સંસ્થા વચ્ચે ' સેતુ ' નું કાર્ય કરનાર હતું. જેમાં પ્રભાત સંસ્થાથી તેના પ્રતિનિધિ ગયા હતા.

**વર્કશોપ :** National institute of design (NID)ના વિદ્યાર્થી દ્વારા સિરામિકથી ડીઝાઇનની વર્કશોપ કરવામાં આવેલ જેમાં દરેક બાળકની સાથે ગ્રીપને વિકસીત કરવા માટે પ્રવૃત્તિની પ્રેકટીશ થઇ હતી. હજુ પણ આગળ તેને લઇને અર્લી ઇન્ટરવેન્શના બાળકો સાથે કરવાનં આયોજન છે.

**નેટવર્કિંગ - એક નવું જોડાણ તરફ :** બાળકોનું સ્વાસ્થ્ય હંમેશા પ્રભાતના કેન્દ્રમાં હોય છે. બાળકોને વિવિધ થેરાપી તો દૈનિક સ્તરે પ્રાપ્ત થાય છે. પણ સમયાંતરે તેમનું ફૂલ બોડી ચેકઅપ થતું રહે અને બાળક નું સ્વાસ્થ્ય ને લઈને અપડેટ રહેવા માટે સંકલન કરીને હેલ્થ કેમ્પ નું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે પ્રાથમિક સ્તરની મુલાકાત K.D. Foundationના પ્રતિનિધિ દ્વારા કરવામાં આવી. અહી પ્રભાતની કામગીરી થી તેમને અવગત કરાવવામાં આવ્યા.

**વિકલાંગતા સહાય શિબિર :** શ્રી ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ અને પ્રભાતના સહયોગ દ્વારા વટવા વિસ્તારમાં વિકલાંગતા સહાય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રભાતની ટીમે પૂર્વ તૈયારી રૂપે યોગ્ય વ્યક્તિ સુધી આ શિબિર માટેની માહિતી પ્રાપ્ત થાય સાથે ટ્રાઇસીક્લનું વિતરણ માટે નોંધણી માટે સંકલનની ભૂમિકા ભજવી હતી. આ શિબિર દરમ્યાન ૧૮૦ ટ્રાઇસીકલનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**'સંગત ' : ઇન્ટર્ન દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમ :**ગુજરાત વિદ્યાપીઠના બે ઇન્ટર્નસ અનેરી અને નૈતિક દ્વારા ત્રણ મહિનાની ઇન્ટર્નશીપ કરવામાં આવી હતી. જેના ભાગરૂપે તેમના દ્વારા પ્રભાતના બાળકો માટે ' સંગત ' કાર્યક્રમનું આયોજન કરેલ હતું. ગુજરાત વિદ્યાપીઠના વિધાર્થીઓ સાથે પ્રભાત ના બાળકોની ' સંગત' દોસ્તી થાય અને દયા નહિ પણ કરુણા, સંવેદનશીલતાના બીજ રોપાય એ ઉદેશ્યું હતું. સાથે પ્રભાત ના બાળકો બહાર નવા મિત્રો સાથે આંનદ ઉલ્લાસ થી સમય ગાળે તે માટે રાંદિજા ખાતે આવેલ એમ.બી.એ. રૂરલ મેનેજમેન્ટમાં આયોજિત કરવામાં આવેલ. આ એક પ્રકારનું બાળક માટે પ્રેરણા પ્રવાસ પણ બની ગયું હતું.

કાર્યક્રમમાં fun activities, સ્વાદિષ્ટ ભોજન અને ગીફ્ટ બાળકોને આપવાની પ્રવૃત્તિ કરવામાં આવી હતી. દરેક વ્યક્તિના ચહેરા પર સ્મિત અને ઉલ્લાસ જોઇ શકાતું હતું. કાર્યક્રમને અંતે કોઇએ સંવેદનશીલતાના પાઠ શીખ્યા તો બાળકોને લઇ જનાર સ્પેશીયલ એજ્યુકેટર ની ટીમ કહે છે, '' જયારે બાળકોને સેન્ટર પર રીતભાત અને મેનર શીખવવામાં આવે છે તેનું અમલ આ બાળકો જયારે બહારની જગ્યા પર કરે છે ત્યારે ગર્વ થાય છે.

આ પ્રકારના પ્રવાસ પછી પ્રભાત ની સમજ હંમેશાની જેમ મજબુત બની છે કે જો બાળકોને બહારના વાતાવરણમાં તેમને લઇ જવું જરૂરી છે. તેઓ લોકો સાથે અનુકુળ થઇ શકે છે અને બંને તરફી શીખવાની પ્રક્રિયા થાય છે.

**આત્મનિર્ભરની દિશામાં – વોકેશનલ :** વ્યવસાયિક તાલીમ અને વ્યક્તિને તેની ક્ષમતા મુજબ કાર્ય માટે અગત્યની ભૂમિકા પ્રભાત ની છે. જેમાં ખાસ કરીને માત્ર કામ સુધી વ્યક્તિને લઇ જવું પુરતું સીમિત નથી. પરંતુ તેની સાથે તે કામના સ્થળે ટકી રહે તે માટે પણ પ્રભાતની ટીમ સાથે હોય છે. હાલ વાત કરવાની છે,જે.બી. ફ્રેગનેસેસ એન્ડ ફ્લેવર્સ ની. જેમાં 2 વ્યક્તિઓનું એનરોલ કરાવવામાં આવેલ હતું. અને આ મહીને અન્ય 7 વ્યક્તિઓ જોડાયેલ છે.આમ, કુલ્લ 9 વ્યક્તિઓ એક જગ્યાએ છે. આ વ્યક્તિઓ સાથે કામના સ્થળે ટકી રહે તે માટે તેમની સાથે ફોલોઅપ અને કામના સ્થળની પણ મુલાકાત કરવામાં આવે છે. કામના સ્થળ સુધી પહોંચવાથી લઇને જોડાયેલ નવી વ્યક્તિ કંપનીમાં સહકર્મી સાથે તાલમેલ બેસાડી શકે તે માટે સતત પ્રયાસો કરવામાં આવે છે.

હમેશની જેમ શરૂઆત નો સમય ચોક્કસ પ્રભાત ટીમ માટે પડકાર જનક હોય છે. પરંતુ તેમાંથી સ્થિતિ મુજબ વિકલ્પો લાવી ને લાંબા ગાળે વ્યક્તિ ને અનુરૂપ થાય એવું વાતાવરણ બનાવવાના પ્રયાસો હોય છે.

**એક દિન પ્રભાત કે નામ :** ઇ- ટેક કંપનીના પ્રતિનિધિની પહેલી મુલાકાત વિકલાંગતા સપ્તાહની ઉજવણી દરમ્યાન કરવામાં આવી હતી. આ દરમ્યાન પ્રભાતના ઉદેશ્ય અને કામગીરી થી પ્રભાવિત થઇને અન્ય સ્ટાફ પણ ફરી પ્રભાતના વટવા સેન્ટરની મુલાકાત કરી હતી. અહી તેમના દ્વારા આર્ટ અને ડાન્સ ની પ્રવૃત્તિ બાળકો સાથે કરી આનંદ દાયક સમય પસાર કર્યો હતો. બાળકો સાથે કંઇક શીખવાની ભાવના તેમને હતી. સાથે સેન્ટર પર ચાલતા કિચન કે જે વિવિધ રીતે બાળકની શિક્ષણ અને થેરાપી માટે ઉપયોગ માં લેવાય છે તે તેમના માટે અદ્દ્ભુત હતું.

**બાળકોને મુખ્યધારા સમાવેશ :** પ્રભાત આંગણવાડી અને શાળામાં પ્રવેશ કરાવ્યા બાદ તેમને નવા વાતાવરણમાં અનુકુલન સાધી શકે તે માટે હેન્ડ ટુ હેન્ડ તાલીમ આપવામાં આવે છે. આ દરમ્યાન હાલ જયારે વાર્ષિક પરીક્ષાનો સમય થયો છે ત્યારે એ.બી. વિદ્યાલય, કાંકરિયા શાળાના વિધાર્થીઓ કે જેમનું શાળામાં પ્રવેશ કરાવેલ છે તેમને પરીક્ષાની તૈયારી કરાવવામાં આવી રહી છે. આ માટે ઘરે વાલી પણ તેમને તૈયારી કરાવે એ માટે એમની સાથે સંવાદ કરવામાં આવેલ છે. જે બાળકો પોતાની રીતે લખી શકે છે તેઓ જાતે પરીક્ષા આપશે અને અમુક બાળકો માટે તેમના વાલી સાથે બેસશે એવું શાળાના મેનેજમેન્ટ સાથે નક્કી કરવામાં આવ્યું છે. બાળકો આ વાર્ષિક પરીક્ષા આપશે તે માટે પ્રભાત ની ટીમ સંતોષ સાથે ખુશી અનુભવી રહી છે.

## સરકારી સહાયક સેવાઓ :

મેડીકલ સર્ટીફીકેટ : 1, રેલ્વે પાસ : ઓનલાઈન –3 અને ઓફલાઈન – 3

સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટે પાસ : 3 ઓનલાઈન ફોર્મ ,પેન્શન યોજના : 2 ફોર્મ

RTE : 9 ઓનલાઈન ફોર્મ

# ફોટો ગેલરી

GUARDIAN ANGLE Awards નું સન્માન મેળવતા  કવિતા બેન અને નીકુલ ભાઈ







ઈ ટેક ના પ્રતિનિધિ સેન્ટર મુલાકાત



સેન્ટર પર રોજગાર કેમ્પ




એક દિન પ્રભાત કે નામ



આભા કાર્ડ માટેની પ્રક્રિયા



વિકલાંગતા સહાય શિબિર - ટ્રાઈસીકલ વિતરણ



અનંત નેશનલ યુનિવર્સીટીના વિદ્યાર્થીઓ દ્વારા  સેન્ટર મુલાકાત



અમદાવાદ યુનિવર્સીટી : ઇન્ટર્નશિપ પોગ્રામ માં પ્રભાત વિષે સમજ આપતા



ગુજરાત વિદ્યાપીઠ ના ઇન્ટર્ન દ્વારા ' સંગત ' કાર્યક્રમ



**Prabhat Education Foundation**
325,Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org



PRABHAT EDUCATION FOUNDATION